# ડીસામાં દુર્ગાવાહીની બહેનો દ્વારા તુલસી પૂજન કરવામાં આવ્યું

ડીસા, તા. ૧

ડીસાની ઉન્નતિ પાર્ક સોસાયટી ખાતે દુર્ગાવાહીની બહેનો દ્વારા તુલસી પૂજનનો કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં હિન્દૂ ધર્મમાં તુલસીનું શું મહત્વ છે અને સ્વાસ્થ્ય માટે પણ કેટલી ફાયદાકારક છે ? તે વિશે માહિતી આપી. જેમાં ડીસા જિલ્લા દુર્ગાવાહીની સંયોજિકા શિવાનીબેન, અલ્પાબેન તથા થરાદ જિલ્લા દુર્ગાવાહીની સંયોજિકા હિનાબેન ત્રિવેદી અને મોનાલિબેન જોયલબેન, જરીનબેન તથા બીજી કાર્યકર્તા બેનો હજાર રહી હતી. સમગ્ર આયોજન અને સંચાલન હિનાબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.



# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા ચુંટાયેલા સરપંચો અને સભ્યોનો સન્માન સમારંભ યોજયો

## પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કાર્યક્રમ યોજાયો : ચુંટાયેલા સરપંચો સભ્યો ઉપસ્થિત રહ્યા : સરપંચો સભ્યોનુ સન્માન થયું



પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ચુંટાયેલા સરપંચો તથા સભ્યો નો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો. તાજેતરમાંજ યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમા પ્રાંતિજ તાલુકામા વિવિધ ગામોમા ચુંટાયેલા સરપંચો તથા સભ્યો નો સન્માન સમારંભ પ્રાંતિજ મહાકાલી મંદિર ખાતે યોજાયો હતો જેમા નવા ચુંટાયેલા સરપંચો તથા સભ્યો નુ ફુલહાર પહેરાવી ને સન્માન કરવામા આવ્યુ હતુ અને તેવોને મળેલ અધિકારો વિર્ષે સમજ આપવામા આવી હતી તો આ પ્રસંગે જિલ્લા પ્રમુખ કમલેશભાઈ પટેલ , પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , તાલુકા સદસ્ય રાજ પટેલ, તાલુકા પ્રમુખ અમરીશ ભાઈ પટેલ , શહીદ ભાઈ ભાણાલાલા સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



વિરલ શાહ
બાયડ



કનૈયાલાલ પ્રજાપતિ
પૂર્વ પ્રમુખ, લાયન્સ કલબ,
બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# ભિલોડા તાલુકામાં નવિન ચુંટાયેલા સરપંચો ગ્રામ પંચાયતોની મુદત પુર્ણ થયા બાદ ચાર્જ સંભાળશે

## તા.૧૫ મી જાન્યુઆરીથી શુભ મુહૂર્તમાં નવિન સરપંચો કાર્યભાર સંભાળશે

ભિલોડા,તા.૦૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતોની ચુંટણીના પરિણામ તાજેતરમાં જાહેર થયા છે. નવિન સરપંચો અને વોર્ડના સભ્યો ચુંટાઈ આવ્યા છે.હાલના તબક્કે કમુરતા ચાલતા હોય ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે શુભ મુહૂર્તમાં સરપંચો અને સભ્યો ઉત્તરાયણના તહેવાર બાદ તા.૧૫મી જાન્યુઆરીથી સરપંચ પદનો કાર્યભાર સંભાળશે તેમ આધારભૂત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ગ્રામીણ વિસ્તારોમાં પંચાયતી રાજમાં સરપંચ પદ નું વિશેષ મહત્વ હોય છે.અમુક સરપંચો તો જાણે કે કોન્ટ્રાક્ટર બનશે અથવા સગાં - સંબંધીઓને કોન્ટ્રાક્ટર બનાવી લણાય તેટલું લણવાનું શરૂ કરશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ગ્રામ પંચાયતની ચુંટણીમાં ભારે થી અતિભારે રસાકસીભર્યા ચુંટણી જંગના પરિણામ જાહેર થયા બાદ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચો માટે ગઢ આવ્યો પરંતુ સિંહ ગુમાવ્યા જેવી પરિસ્થિતિ નિર્માણ થવા પામી છે.અમુક ગ્રામ પંચાયતોમાં સરપંચ વોર્ડમાં લધુમતીમાં ચુંટાયેલા હોવાના કારણે ટુંક જ સમયમાં સરપંચોની કારકિર્દી ટુંકી હોવાની પ્રબળ શક્યતા છે. ભિલોડા તાલુકામાં નવિન સરપંચો કાર્યભાર કયારે સંભાળશે,ડે.સરપંચ કોણ બનશે તેવી અવનવી અટકળો અને ચર્ચાએ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે જોર પકડ્યું છે. જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં નવિન ચુંટાયેલા સરપંચો,સભ્યો નિષ્ઠાપુર્વક ઝળહળતો સર્વાંગી વિકાસ કરશે તેવી ગ્રામજનો આશા રાખી ને બેઠા છે.

## ભિલોડા ઉદય સેવા સંસ્થાન દ્વારા સંચાલિત

# આંખોના રોગોનું નિદાન કેન્દ્રની ચતુર્થ વર્ષગાંઠ નિમિત્તે સ્નેહમિલન - નેત્ર નિદાન કેમ્પ યોજાશે

ભિલોડા, તા.૧

લોકહિતાર્થે હંમેશા અગ્રેસર અંધજન મંડળ, અમદાવાદ,સમતા વિકાસ ટ્રસ્ટ અને નવલભાઈ અને હિરાભાઈ આંખની હોસ્પિટલ, બારેજાના સહયોગથી ઉદય સેવા સંસ્થાન,ભિલોડા દ્વારા સંચાલિત આંખોના રોગોનું નિદાન કેન્દ્ર (વિઝન સેન્ટર)ની ચતુર્થ વર્ષગાંઠ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમ તા.૦૨,૦૧,૨૦૨૨ ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે માતૃશ્રી એચ.જે.બારોટ,હાઈસ્કુલ,મઉં પરિસરમાં યોજાશે તેમ ભિલોડા ઉદય સેવા સંસ્થાનના જીતુભાઈ સી.ભાટીયા સહિત હોદેદારો,

કાર્યકરોએ જણાવ્યું હતું.મુખ્ય મહેમાન કેતનભાઈ શાહ,અમદાવાદ,સમારંભ અધ્યક્ષ ચંદ્રકાંતભાઈ બારોટ,ટ્રસ્ટી,નવરચના પ્રગતિ મંડળ,મઉં સહિત અતિથિ વિશેષ મહેમાનો ઉપસ્થિત રહેશે તેમ જણાવ્યું હતું.

# દેરોલી - ગદાલજીના મુવાડા પંથકના વિદ્યાર્થીઓનું ભાવિ એસ.ટી. બસના અભાવે અંધકારમય

## ૩૦ જેટલા વિદ્યાર્થીઓને ભણતરમાં મુશ્કેલી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડ તાલુકાના દેરોલી-ગુંદાલજીનામુવાડા વિસ્તારના ૩૦ થી વધુ વિદ્યાર્થીઓ એસ.ટી. બસની સુવિધાના અભાવે ખાનગી વાહનોમાં બોરલ હાઈસ્કૂલમાં અભ્યાસ માટે જવાની નોબત આવી છે. સરકાર દ્વારા કન્યા શિક્ષણને ઉત્તેજન આપવા માટે અનેક પ્રયાસો થઈ રહ્યા છે. તો પછી એસ.ટી. બસની સુવિધા ગ્રામ્ય વિસ્તારમાં કેમ મળતી નથી.?? તેવા સવાલ પૂછાઈ રહ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના મોટાભાગના ગ્રામ્ય સ્ત્રોમાં એસ.ટી. બસની અનિયમિતતાથી વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડી રહ્યું છે. અનેક એસ.ટી. બસોના રુટ આગોતરી જાણ વગર રદ કરવામાં આવે છે. કાં તો એસ.ટી. બસ નિર્ધારીત સમય કરતાં માંડેથી ઉપડે છે. જયારે કેટલાક ગામડાઓમાં તો એસ.ટી. બસની સુવિધા છે પરંતુ વિદ્યાર્થીઓને શાળાએ જવાના સમયને અનુકુળ નથી. ગેદાલજી ગામના કિરણ અનુપસિંહ સોલંકીના જણાવ્યા અનુસાર દેરોલી, ગદાલજીનામુવાડા, હિરાપુરા, ચોવાડ વિસ્તારના ૩૦ થી વધુ વિદ્યાર્થીઓ બોરલ હાઈસ્કૂલમાં ઉચ્ચ શિક્ષણ માટે આવે છે પરંતુ એસ.ટી. બસના અભાવે તેમને ખાનગી વાહનોમાં બેસીને જીવના જોખમે અભ્યાસ કરવાની નોબત આવી છે. જેથી આ વિસ્તારમાં એસ.ટી. બસની પર્યાપ્ત સુવિધા ઉભી થાય તો બક્ષીપંચ સમાજની કન્યાઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે. નહીંતર ભણતર છોડી જાય તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે.

# સાબરકાંઠામાં વાર્ષિક રુ.૨ કરોડનો ટ્યુશનીયા શિક્ષકોનો કારોબાર, ડી.ઈ.ઓ.નું નરોવા-કુંજરોવા

## હિંમતનગરમાં ટ્યુશનિયા શિક્ષના ત્યાં તપાસથી હડકંપ મચ્યો, ટ્યુશનમાં આવેલા વિદ્યાર્થીઓને છોડી મૂકાયા




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠાના શહેરી વિસ્તારોમાં તંત્રની મિલીભગતથી ટ્યુશનની હાટડીઓ ગેરકાયદેસર ધમ-ધમી રહી છે. વાર્ષિક ૨ કરોડની આવક હોવાનો અંદાજ સેવાય છે. ત્યારે હિંમતનગરના ગાયત્રી મંદિર રોડ ઉપર વિજ્ઞાન પ્રવાહનાટ્યશનિયા શિક્ષકના ત્યાં શુક્રવાર સવારે તપાસથી હડકંપ મચ્યો હતો. તપાસ માટે ટીમો આવ્યાનું લીક કરી દેવાતાં વિદ્યાર્થીઓને છોડી મૂકાયા હતા છે અને સશનિયા શિક્ષકો વર્ગખંડમાં યોગ્ય ધ્યાન આપતા ન હોવાની લેખિત ફરિયાદો પણ કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગર સુધી કરવામાં આવી છે. હિંમતનગરની જાણીતી વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાના ફિઝીક્સ વિષયના શિક્ષક ટ્યુશન કરાવતા હોવાની વિગતો જગજાહેર છે ત્યારે તા.૩૧ ડિસેમ્બરે સવારે શિક્ષણ વિભાગની ટીમે ગાયત્રી મંદિર રોડ ઉપર આવેલા શનિયા શિક્ષકના ત્યાં તપાસ હાથ ધરતાં વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી હતી. જયારે આ મામલો શિતપૂર્વક સમેટી લેવામાં આવ્યો હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. સુશનિયા શિક્ષક્ન બક્ષવામાં આવ્યો હોય તો તેનું કારણ શું..?? આસપાસના સી.સી.ટીવી કેમેરા ચેક કરવામાં આવે તો પણ ચાલતાટ્યુશનના હાટડાંનો પર્દાફાશ થઈ શકે તેમ છે.

### ટ્યુશનનું રેગ્યુલર ચેકીંગ કરવા સૂચના – ડી.ઈ.ઓ.

સાબરકાંઠા ડી.ઈ.ઓ. સંજયભાઈ વ્યાસનો સંપર્ક કરતાં પરોઢે કોઈ ટ્યુશનિયા શિક્ષકના ત્યાં તપાસ થઈ હોય તેવું મારા ધ્યાનમાં નથી પરંતુ ટીન તપાસ કરવા માટે એજ્યુકેશન ઈન્સ્પેક્ટરોને સૂચના આપવામાં આવી છે. શુક્રવાર સવારે વિજ્ઞાન પ્રવાહના શિક્ષકના ત્યાં થયેલી તપાસ બાબતે પોતાની પાસે કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું.

### ટ્યશનિયા શિક્ષકો સામે સંચાલકો પણ ઘૂંટણિયે..

જિલ્લાની નામાંક્તિ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાઓના મોટાભાગના શિક્ષકો ગેરકાયદે ટ્યુશનની હાટડીયો ચાલુ રાખે છે. શાળામાં રેગ્યુલર આવતા વિદ્યાર્થીઓ ઉપર ઓછું ધ્યાન આપતા હોવાની ફરિયાદ છતાં સંચાલકો અને આચાર્યોસુશનિયા શિક્ષકોને કંઈપણ કહી શક્તા નથી ત્યારે કમિશ્નર શાળાઓની કચેરી-ગાંધીનગર દ્વારા ટીમો મોક્લીને ટ્યુશનિયા શિક્ષકો ઉપર સર્જીક્લ સ્ટ્રાઈક કરે તો જટ્યુશનની બદી દૂર થશે. સ્થાનિક કક્ષાએ ચાલતા ભ્રષ્ટાચારથી ટ્યુશનિયા શિક્ષકોને ઉણી આંચ પણ આવતી નથી.

પરંતુ દિવસ દરમ્યાન શહેરમાં ટ્યુશનિયા શિક્ષકોના ત્યાં તપાસનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. સાબરકાંઠા ડી.ઈ.ઓ.એ મેં ટીમને સૂચના આપી હતી પરંતુ શું થયું તેની મને ખબર નથી તેમ જણાવી નારીવા-કુંજરોવા જેવો જવાબ આપી રહ્યા છે.

જિલ્લામાં ટ્યુશનની બદીના કારણે અનેક ગરીબ પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થઈ રહ્યો છે. સરકારી અનુદાન મેળવતી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો ટ્યુશન ન કરી શકે તેવી જોગવાઈ હોવા છતાં જિલ્લાના તમામ વિસ્તારોમાં સવાર થી માંડી સાંજ સુધી ટ્યુશનની હાટડીઓ મંડાય

### સૂર્યોદય બંગ્લોઝ દિવસ દરમ્યાન ચર્ચામાં...

હિંમતનગરમાં ફિઝીક્સ વિષયના સશનિયા શિક્ષકના ત્યાં વહેલી સવારે તપાસને લઈને સમગ્ર શહેરમાં હલચલ મચી હતી. ટ્યુશનિયી શિક્ષક સૂર્યોદય બંગ્લોઝ વિસ્તારમાં રહેતા હોવાની દિવસ દરમ્યાન લોક્ચર્ચા સાંભળવા મળતી હતી ત્યારે આ વિસ્તારના સી.સી.ટીવી ફૂટેજ ચકાસવામાં આવે તો કેટલા વિદ્યાર્થીઓ તપાસ દરમ્યાન ફરાર થઈ ગયા તેની વિગતો બહાર આવે અને ટ્યુશનિયા શિક્ષકોને બચાવી લેવાની સાજીશનો પણ પર્દાફાશ થઈ શકે તેમ છે.

## નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડના ઉપક્રમે

# બનાસના મધ ઉત્પાદકો માટે વૈજ્ઞાનિક ઢબે મધમાખી ઉછેર તાલીમ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧

બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકો પશુપાલન સાથે મધમાખી ઉછેર કરીને મધની આવક પણમેળવી રહ્યા છે. નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ (NDDB) દ્વારા તાઃ૨૦થી ૨૬ ડીસેમ્બર ૨૦૨૧ દરમ્યાન બનાસડેરીના કાતરવા કેટલફીડ પ્લાન્ટ ખાતેસાત દિવસીય વૈજ્ઞાનિકમધમાખી ઉછેર તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળ કેન્દ્રીય ક્ષેત્રની યોજના તરીકે રાષ્ટ્રીય મધમાખી બોર્ડ પ્રાયોજિત આ યોજના તળે રાષ્ટ્રીય મધમાખી ઉછેર અને ઘરેલું મિશન યોજનાતળે બનાસડેરીના પશુપાલકો માટેઆ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો તેમાં ૨૫ દૂધઉત્પાદકોએ ભાગ લઈ મધમાખી ઉછેર અંગેની જાણકારી મેળવી હતી. બનાસડેરીના મધ પ્રોજેક્ટના ઈન્ચાર્જ શ્રી નરસિંહભાઈ ગુર્જરે મધમાખી ઉછેરની તાલીમ અને મધમાખી પાલન વ્યાવસાય માટે જરૂરી તમામ કૌશલ્યોની જાણકારી આપી હતી. એનડીડીબી ના અધિકારી શ્રી ઋષિકેશ કુમાર અને શ્રી ધનરાજ સહાની એ ફીલ્ડ વિઝીટ કરીને તાલીમાર્થીઓને મધમાખી ઉછેરને એક વ્યવસાય તરીકે અપનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને NDDB તરફથી સહયોગની ખાત્રી આપી હતી..



# પાલનપુરમાં બાકી કર ની વસુલાત માટે વધુ ચાર દુકાનો સિલ કરાઈ

પાલનપુર તા. ૧

પાલનપુર નગરપાલિકાના ઉત્સાહી યુવાન મહિલા પ્રમુખ શ્રીમતી હેતલબેન રાવલ અને નવનિયુક્ત ઉત્સાહી મુખ્ય અધિકારી શ્રી ગૌરાંગ કુમાર પટેલ અને કારોબારી સમિતિના ચેરમેન દીપક ભાઈ પટેલ ના આદેશથી પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં આક્રમક વેરા વસુલાત ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ત્રીજા દિવસે રીઢા બાકીદારોની ચાર દુકાનો સિલ કરવામાં આવી છે અને બે બિન રહેણાંક મકાન ના નળ જોડાણ કટ કરી બાકીદારો પાસે થી ત્રણ લાખ ઉપરાંતની વસુલાત કરવામાં આવી હતી. પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના રીઢા બાકીદારોનું બાકી નીકળતું લહેણુ વસૂલવા વેરા વસુલાત ઝૂબેશ હાથ ધરવામાં આવી છે. જે માં બે દિવસ અગાઉ બાકી કર મામલે બે દુકાનો સિલ કરાઈ હતી અને બે નલ જોડાણ કાપવા માં આવ્યા હતા જે બાદ શુક્રવારે પાલિકાના ટેક્સ ઈન્સ્પેક્ટર મહેશભાઈ જોશી, ઘરવેરા સુપરવાઈઝર નરેશભાઈ જોશી ગજેન્દ્ર ભાઈ ત્રિવેદી તેમની ટીમ સાથે સ્ટાફ વેરા વસુલાત ઝૂંબેશ હાથ ધરી ભકતોની લીંમડી બરકત શાહના તકિયા પાસેના બિનરહેણાંક મકાનોના બાકી વેરા પેટે બે મિલકતના પાણીના કનેક્શન કાપી દેવામાં આવેલ અને ચાર દુકાન સીલ કરવામાં આવી હતી. તેમજ અન્ય બાકીદારો પાસે થી સ્થળ ઉપરથી ત્રણ લાખથી વધારેનો વેરો વસુલ કરવામાં આવ્યો હતો જેને લઈ બાકીદારો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# ધાનેરાની સકસેસ સ્કૂલમાં તુલસી પૂજન અને રમતોત્સવની ઉજવણી

ધાનેરા તા. ૧


ધાનેરા માં આવેલ સકસેસ સ્કૂલમાં તુલસી પૂજન અને રમતોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

વર્ષના અંતિમ દિવસ જે થર્ટી ફસ્ટની છબી બાળક ભારતીય સંસ્કૃતિને જાણે, સમજે અને આચરણમાં લે તે આશયથી તુલસી પૂજન અને બાળ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું જેમાં સ્કૂલના એમ.ડી હાર્દિક ભાઈ એ 'તુલસી પૂજન પર્વ' ની ઉજવણી અંગે આધ્યાત્મિક, વૈજ્ઞાનિક તેમજ ધાર્મિક મહાત્મ્ય વિશેષ જ્ઞાનાત્મક રીતે બાળકો આપણી સંસ્કૃતિની ધરોહરને જાણે અને સંસ્કારોચિત રીતે પોતાના જીવનમાં ઉતારે તેના પર પ્રવચન આપ્યું હતું.

આ ઉપરાંત શાળા આચાર્ય મુકેશભાઈએ વિદેશી સંસ્કૃતિથી આવનાર પેઠી અને આજનો યુવાવર્ગ દૂર રહે અને ભારતીય સંસ્કૃતિને નાનપણથીજ જાણે તે બાબત પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો અને રમોત્સવ કાર્યક્રમમાં વિવિધ રમતો નું સુચારુ આયોજન કરેલ. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ જણાવે છે કે, બાળકોએ વિવિધ રમતોમાં પોતાની સૂઝ અને આગવી પ્રતિભા નો પરિચય આપ્યો આ કાર્યક્રમમાં સ્કૂલના તમામ શિક્ષક ગણ અને સ્ટાફ મિત્રોએ સુચારુ આયોજન કરેલ. અને સર્વેના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ ખૂબ જ ઉમળકાભેર પૂર્ણ કર્યું હતું.



# બનાસડેરીને મળ્યો સીઆઈઆઈનો ફૂડ સેફ્ટી એવોર્ડ




પાલનપુર, તા. ૧

ભારતની જાણીતી ઔદ્યોગિક સંસ્થા ભારતીય ઉદ્યોગ પરિસંઘ (સીઆઈઆઈ)નો ફૂડ સેફ્ટી એવોર્ડ એશિયાની નંબર વન ડેરીનો ફાળે આવતા બનાસડેરી માટે ગૌરવવંતી ઘટના બની છે. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જિલ્લા દૂધ ઉત્પાદકોને આ એવોર્ડ અર્પણ કરતા જણાવ્યું હતું કે જિલ્લાના દૂધ ઉત્પાદક ભાઈ-બહેનોએ ગુણવત્તાસભર દૂધ ભરાવીને બનાસનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે. આવનાર સમયમાં પણ દેશ અને દુનિયાના અમારા માનવતાં ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તાવાળા તથા આરોગ્યપ્રદ એવમ્ સલામત દૂધ ઉત્પાદકો પૂરા પાડવાની બનાસડેરીની ટીમ પ્રતિબદ્ધ છે.